# ગોધરાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની રેલ્વે કોર્ટમાં, મુકામ–ગોધરા.

<u>ક્રિ.પ.અ.નં.૦૧/૨૦૧૯</u>
આંક–૦૭

**અરજદાર** – પરમાર અમીતકુમાર પીટરભાઈ
રહે. ડી./૬૩, અમરધારા સોસાયટી, છાણી જકાત નાકા, વડોદરા

વિરૂધ્ધ

**સામાવાળા** – આર.પી.એફ. પોસ્ટ બાજવા

**અરજી** – સી.આર.પી.સી.ની કલમ ૪૫૨ મુજબની

**<u>મુદ્ામાલ અરજી તળે હુકમ</u>**

| |
|---|
| અરજદાર તરફે વી.વ.શ્રી એમ.વાય.ફોદા |
| સામાવાળા તરફે વી.પી.પીશ્રી સુનીત ગુપ્તા |

૧. સદર કામે હાલના અરજદાર પરમાર અમીતકુમાર પીટરભાઈનાઓએ તા. ૦૫/૦૧/૨૦૧૮ ના રોજ આર.પી.એફ. પોસ્ટ બાજવા દ્વારા ગુ.ર.નં. ૦૧/૨૦૧૦ ના કામે મારૂતી સુઝુકી મારૂતીવાન કબજે કરેલ જેનો રજી.નં. જે.જે.૦૬ એ ૭૪૨૭ તથા ચેસીસ નં. ૯૪૦૩૩૮ તથા એન્જીન નં. ૮૫૪૯૪૪ છે, જે અરજદારે પરત મેળવવા હાલની આ અરજ ગુજારેલ છે. આ કામે સદરહુ વાહન આર.પી.યુ.પી.એક્ટની કલમ ૩ મુજબના ગુનાના કામે આર.પી.એફ. પોલીસ બાજવાનાઓએ મુદ્ામાલ તરીકે તપાસના કામે કબજે કરેલ છે અને ત્યાર બાજ સદર કામે ઈન્કવાયરી પુરી થતા અત્રેની અદાલતમાં કેસ દાખલ થતા તેનો ક્રી.કેસ.નં. ૭૯૨૯/૨૦૧૦ થી રજીસ્ટેરે નોધવામાં આવેલ છે જેમાં કુલ ૬ આરોપીઓ સામે ગુનો નોધવામાં આવેલ છે અને તેમની સામે અત્રેની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા જે તે

તારીખે તમામ ૬ આરોપીઓએ કેસને કબુલ રાખતા તેમની સામે કબુલાતથી કેસ પુર્ણ થયેલ છે, પરંતુ આ કામનો ઉપરોક્ત દર્શાવેલ મુદ્દામાલ મારૂતીવાન અંગેનો આખરી હુકમમાં કરવાનો રહી જતા હાલની આ અરજી અરજદાર તરફે રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામે કેસ પુર્ણ થયેલ હોવા છંતા તેનો મુદ્દામાલ અંગેનો નીર્ણય બાકી રહેવા પામેલ હોય અરજદાર તરફે હાલની અરજી દાખલ કરેલ છે. હાલની અરજી દાખલ થતા મારા પુરોગામી ન્યાયાધીસશ્રીનાઓએ સદર અરજીને નીર્ણય સારૂ પુર્ણ થયેલ કેસનો રેકર્ડ જે રેકર્ડ રૂમ જીસ્ટ્રીક્ટ કોર્ટ ગોધરા ખાતેથી મંગાવવા માટેનો હુકમ કરેલ છે,વધુમા સદર અરજી સંદર્ભે આર.પી.એફ પોસ્ટ દ્રારા તા. ૧૭/૦૯/૨૦૧૮ ના રોજ અલગથી અરજી/અભીપ્રાય રજુ કરવામાં આવેલ છે જે આ કામે આંક–૦૪ આપવામાં આવેલ છે તેથા આર.પી.એફ.બાજવા તરફેના જવાબદાર અધઈકારી તથા પી.પી.શ્રીને પણ સાંભલવામાં આવેલ છે જેમાં તેઓએ હાલના અરજદારને મુદ્દામાલ હાલન પરત આપવા સાંમે કોઈ વાંધો હરકત દર્શાવેલ નથી.

૩. વધુમાં હાલની અરજી મુદ્દામાલની અરજી હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ તથા સર્ક્યુલર મુજબ મુદ્દામાલ અરજીને પરચુરણ અરજી તરીકે રજીસ્ટરે નંબરીંગ કરવાની હોય નથી પરંતુ હાલની અરજી કેસના નીકાલ બાદ કરવામાં આવેલ હોય અને ત્યાર બાદ સદર અરજીના પેપેરના વહીવટી નીકાલ માટે તેને રજીસ્ટેર નોધવી આવસ્યક લાગતા હાલની અરજીને તા. ૦૩/૦૫/૨૦૧૯ ના રોજ રજીસ્ટરે નોધવાનો હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં આ અરજીના નોંધણી કર્યા પહેલા આ અરજી બાબતેની ઈન્કવાયરી થઈ ગયેલ છે જેથી માત્ર સદર અરજીની સુનાવણી કરી તેનો નીકાલ કરવામાં આવે છે.

૪. આ કામે અરજદારે અરજી મુજબ સદર કામે કબજે કરવામાં આવેલ ઉપરોક્ત મુદ્દામલ પરત મેળવવા માટે અરજી કરેલ છે અને અત્રેની કોર્ટ દ્રારા સદર કેસ પુર્ણ થયેલાની ફાઈલ મંગાવેલ છે જે વંચાણે લેવામાં આવે તો આ કામના છ આરોપીઓએ ગુનાની કબુલાત કરેલ છે અને તે મુજબ મારા પુરોગામી

ન્યાયાધીસશ્રી દ્વારા હુકમ કરવામાં આવેલ છે જ્યારે સદર હુકમમાં આ કામના મુદ્દામાલ મારૂતીવાન બાબતેનો હુકમ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતુ નથી. જેથી હાલના કામે સદર મુદ્દામાલનો હુકમ થયેલ નથી તેમ સ્પષ્ટ જણાતા સી.આર.પી.સી. કલમ ૪૫૨ લાગુ પડતી હોય તેમ જણાઈ આવે છે અને એકજ અદાલત દ્વારા એકજ મુદ્દા પર બે વાર હુકમ કરી શકે તેમ નથી પરંતુ આ કામે મુદ્દામાલનો હુકમ બાકી રહેલ હોય હાલની અરજી સાંભળવાની તથા તે અંગે નીર્ણય કરવાની હકુમત અત્રેની કોર્ટ ધરાવે છે.

૫. આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી.ની દલીલ છે કે, સદરહુ વાહન અરજદારની માલીકીનુ છે તથા અરજદારના આજીવીકાનુ સાધન છે. વાહન જો વધુ સમય પો.સ્ટે.માં પડી રહે તો વાહનના સ્પેરપાર્ટસને નુકશાન થાય તેમ છે. જેથી નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તે શરતોનુ પાલન કરવાની પણ અરજદાર ખાતરી આપે છે. વધુમાં આ કામે કેસ પણ પુર્ણ થયેલ છે અને છ આરોપીએ ગુનો કબુલાત કરતા કેસનો નીકાલ થયેલ છે જેથી હાલનુ વાહન બીનજરૂરી પડી રેહલ છે, તો સદરહુ વાહન અરજદારને પરત સોપવા રજુઆત કરેલ છે.

૪. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મારૂતીવાન આ કામેના આરોપી નં. ૪ લલીત દિનેશભાઈ સોલંકી પાસેથી કબજે કરવામાં આવેલ છે, જ્યારે સદર મારૂતીવાન ભાવેશભાઈ મુળજીભાઈ ચૌહાણ ના નામે હોવાનુ જણાઈ આવે છે જેથી આ અરજીના નીર્ણય માટે આરોપી લલીતભાઈ દિનેશભાઈ સોલંકી તથા માલીક ભાવેશભાઈ મુળજીભાઈ ચૌહાણને સાંભળવામાં આવેલ છે. આ કામે રજીસ્ટર માલીક ભાવેશ ભાઈને સાંભળતા તેઓએ જણાવેલ છે કે સદર મુદ્દામાલ વાહન તેમણે હાલના અરજદારને વેચાણે આપેલ છે અને તેથી હાલનુ મુદ્દામાલ વાહન હાલના અરજદારને સોંપવામાં આવે તો તેમને કોઈ વાંધા હરકત નથી અને તેથી તેમના તરફે **આંક–૦૫** થી નોકલેમ પુરસીસ પણ રજુ કરવામાં આવેલ છે જ્યારે આરોપી નં. ૪ લલીત દિનેશભાઈનાઓએ પણ **આંક–૦૬** થી પુરસીસ રજુ કરીને જાહેર કરેલ છે કે હાલનુ વાહન હાલના અરજદારને સોંપવામાં આવે તો તેમને કોઈ વાંધો હરકત નથી. વધુમાં આ કામે અરજદાર તરફે સદર વાહનનો વેચાણ કરાર કરવામાં આવેલ છે જે વંચાણે લેતા રજીસ્ટર માલીક ભાવેશ કુમારે હાલના

અરજદારને વેચાણ આપેલાનુ જણાઈ આવે છે તેમજ સદર ભાવેશ ચૌહાણે પણ નોકલેમ પુરસીસ અત્રેની કોર્ટમાં હાલની અરજીના કામે રજુ કરેલ છે તેથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના મુદ્દામાલ વાહનના માલીક હાલના અરજદાર છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદો એ.આઈ.આર.૨૦૦૩ સુપ્રિમ કોર્ટ, સુન્દરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, પેજ–૬૩૮ ધ્યાને લેતા પણ અરજદારને વાહન પરત સોપવુ જોઈએ તેમ અત્રેની અદાલતનુ માનવુ છે. આમ, સમગ્ર ચર્ચાના અંતે જો અરજદારને યોગ્ય અપીલ સમયની શરતોને આધીન કસ્ટડીમાં મુદામાલ વાહન અરજદારને પરત સોપવામા આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ આ અદાલતનું માનવુ છે, તેથી ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>।।। હુ ક મ ।।।</u>

૧. અરજદારની સદરહુ અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૨ મુજબ અરજદાર પરમાર અમીતકુમાર પીટરભાઈ રહે. ડી./૬૩, અમરધારા સોસાયટી, છાણી જકાત નાકા, વડોદરાવાળાએ ઉપરોકત ગુનાના કામે મારૂતી સુઝુકી મારૂતીવાન કબજે કરેલ જેનો રજી.નં. **જે.જે.૦૬ એ ૭૪૨૭** તથા ચેસીસ નં. **૯૪૦૩૩૮** તથા એન્જીન નં. **૮૫૪૯૪૪** છે, તેની કિંમતથી દોઢી રકમના બોન્ડ તેમજ તેટલી જ રકમના જામીન અપીલના કામે અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી અરજદારની કસ્ટડીમાં પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ અંગે સંબધીત પો.સ્ટે.માં યાદી કરવી.

ફેસલ થયેલ અરજી ચાર્જશીટ સાથે સામેલ રાખવી.

<u>//શ ર તો//</u>

૧. સદરહુ વાહન માત્ર અપીલ સમય પુરતુ કોઈને વેચાણ,ગીરો,બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવુ–કરાવવુ નહી તેમજ આંતરીક–બાહય દેખાવમાં ફેરફાર કરવો–કરાવવો નહી. અપીલ સમય બાદ સદર શરત રદ બાતલ ગણવી.

૨. સદરહુ વાહન જો અપીલ થાય તો નામદાર કોર્ટ જયારે અને જયાં જરૂર પડે મંગાવે ત્યાં અરજદારે રજુ કરવાનુ રહેશે.

૩. સદરહુ વાહન કોઈપણ ગુનાહીત કૃત્યમાં અરજદારે ઉપયોગ કરવો–કરાવવો નહી.

*       આ કામે નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટના રેકર્ડ શાખાથી મંગાવેલ આ કેસની **બી ફાઈલ** પરત મોકલવી.

હુકમ આજ તારીખ ૨૦ માહે જુન સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં  વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૦૧૯
ગોધરા

(યોગેશકુમાર બાબુભાઈ ગામીત)
જયુડી.મેજી.ફ.ક.-રેલ્વે-ગોધરા
GJ01174